ચિરાગે હિદાયત
૨૪૨

## દુનિયા અને આખેરત માટે હમસફર – નેક આમાલ

આ ફાની ઝિંદગીની દોડમાં દરેક પોતાના ઘોડા દોડાવી રહ્યા છે. દરેક પોતાની મંઝિલ સુધી પહોંચવાની કોશિશ કરી રહ્યા છે. કોઇ મંઝિલ સુધી પહોંચી ગયા છે તો કોઇ પહોંચવાના છે. દરેકને હિદાયત માટે હાદી જોઇએ છે, રસ્તો બતાવનાર રહેબર જોઇએ છે, મુસાફરીમાં કોઇ હમસફર જોઇએ છે. જેની મંઝિલ જ્યાં હશે, જેનો હાદી જેવો હશે તેને ત્યાં પહોંચાડી દેશે.

મુસાફર મંઝિલ સુધી પહોંચવા માટે કોઇ હમસફરની તલાશ કરે છે અને એક હાદી અને રહેનુમાની જરૂરત મહેસુસ કરે છે કે જે રસ્તાની પરિસ્થિતીથી વાકેફ કરે કે આ જગ્યા કેવી છે? અહિંયાના લોકો કેવા છે? શું બહેતર છે અને શું બહેતર નથી? પણ શું ક્યારેય આપણે પોતાની ફાની ઝિંદગી માટે કોઇ હમસફરની તલાશ કરી? કોઇ રહેનુમાને શોધ્યા કે જે આપણી ઝિંદગીની નેકી અને બદીને બતાવે કે આપણી માટે સારૂં શું છે અને ખરાબ શું છે?

કુરઆને મજીદમાં છે કે “ઇન્ના લિલ્લાહે વ ઇન્ના

એલચ્હે રાજેઉન'' તો આ આવવા જવાની દરમિયાન કોઇ મુસાફર છે જે આપણા સફરને આસાન કરી દે? કોઇ રહેનુમા છે જે રહેનુમાઇ કરે? હાં જરૂર છે. જો કુરઆને આવવા જવાનું એલાન કર્યુ છે તો આ ફાની દુનિયામાં કોઇ હાદી આપણી હિદાયત કરશે. કોઇ મુસાફર આપણો હમસફર બનશે. આપણી હિદાયત માટે અલ્લાહે આપણી સાથે અકલ જેવી રહેનુમા નેઅમત અતા કરી છે કે જે ઝિંદગીના એક એક કદમ ઉપર આપણી હિદાયતની જવાબદારી પૂરી કરે છે. દરેક કદમ ઉપર નેકી અને બૂરાઇમાં ફર્ક પેદા કરીને બતાવે છે કે આ કરો અને આ ન કરો. અકલને રહેનુમાઇ માટે અલ્લાહે આપણી સાથે રાખી. પણ મુસાફર કેવો હોવો જોઇએ? શું એવો મુસાફર હોય કે જે પૂરી ઝિંદગી આપણો સાથ આપે અને ઝિંદગી પછી સાથ છોડી દે.

આપણી ફાની ઝિંદગીનો સાથી એવો હોવો જોઇએ કે આપણે તેનો સાથ છોડી દઇએ પણ તે આપણો સાથ કોઇ દિવસ ન છોડે. છેવટે એવો હમસફર ક્યાં છે કે જે ઝિંદગી પછી પણ આપણો સાથ ન છોડે?

કોઇએ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને સવાલ કર્યો ''યા રસૂલલ્લાહ! કોઇ એવો સાથી બતાવો કે જે હંમેશા અમારો સાથ આપે.'' હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ એલાન કર્યુ કે

“તમારો અમલ તમારો સાથી છે અને આ એવો મુસાફિર છે કે જે તમારો સાથ તમારી ઝિંદગી પછી પણ નહીં છોડે.”

અમલ એવો મુસાફિર છે કે જે જન્નત પણ આપે છે અને જહન્નમ પણ. તેની ખરી રેહનુમાઈ માટે અલ્લાહે તમારી અકલને તમારી સાથે રાખી છે. અમલ વડે ઈન્સાન જન્નતને હાંસિલ કરે છે.

મૌલાએ કાએનાત હઝરત અલી(અ.સ.)એ આ સિલસિલામાં ઈરશાદ ફરમાવ્યું કે “જન્નતને અમલ વડે હાંસિલ કરી શકાય છે, ઉમ્મીદથી નહિં.”

કુરઆને મજીદ આ બાબતે એલાન કરે છે કે “જે લોકો ઈમાન લાવ્યા તથા નેકીઓ કરી તેમનાજ માટે તુબા (જન્નતી વૃક્ષ) અને નેક અંજામ છે.”

કુરઆને મજીદમાં કોઈપણ એવી જગ્યા નથી કે જ્યાં નેક અમલથી દૂર રહેવાનો ઝિક્ર થયો હોય. કુરઆને દુનિયાની સામે એક સંપૂર્ણ કાનૂન પેશ કરેલું છે. ઈરશાદ છે કે “દરેક ઈન્સાન પોતાના આમાલ (કોશિશ)માં ગિરફ્તાર છે.”

ઈન્સાન જેટલી કોશિશ કરશે તે કોશિશ તેની સામે આવશે. કાએનાતમાં અગર ઈન્સાને અમલ વડે કાંઈ હાંસિલ કરી લીધુ તો તે તેને આખેરતમાં સહારો આપશે

કેમ કે દરેક બાબતને ખુદા જાણે છે અને દરેક તે અમલ જે ઈન્સાન અંજામ આપે છે તેની જઝા પરવરદિગાર આપે છે.

અલ્લાહ તઆલા પોતે એલાન કરે છે કે "જે શખ્સે જર્રા બરાબર નેકી કરી હશે તે તેને જોશે અને જેણે જર્રા બરાબર બૂરાઈ કરી હશે તે તેને જોશે." દરેક શખ્સને તેના આમાલ બતાવવામાં આવશે. એટલે કે દરેક આમાલ ઝમીન અને આસમાનની દરમિયાન મહેફૂઝ છે અને ઈન્સાનની સામે પેશ કરી દેવામાં આવશે કે જેથી તેનો ઈન્કાર પણ ન કરી શકે અને આ પરિસ્થિતિ પોતે પણ એક સખ્ત અઝાબ જેવી છે. દરેક બૂરાઈ કરનારાની છેલ્લી તમન્ના એ જ હોય છે કે તેની બૂરાઈ લોકોની સામે ન આવે પરંતુ નેક અમલ કરનારાઓ માટે આ બહેતરીન ઈનઆમ હોય છે કે તેમનો નેક અમલ કયામત સુધી મહેફૂઝ રહે અને પૂરી દુનિયાની નિગાહોની સામે આવી જાય. આ જ માટે કહેવામાં આવ્યું છે કે દુનિયા આખેરતની ખેતી છે.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે આ ફાની દુનિયામાં અલ્લાહ આપણને નેક આમાલ કરવાની તૌફીક ઈનાયત ફરમાવે જે આપણા માટે કબ્રથી લઈને આખેરત સુધી કામ આવે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com